**BARODA HIGH SCHOOL, ONGC (Afternoon Shift)**

**Primary Section**

**UT- I Examination: 2025-26**

**Subject: - GUJARATI**

( પ્રશ અ)

**Date: 06/08/25** **Std - VII** **Marks: 25**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (3)**

1) “મારી ઉંમર નહીં પરાક્રમ જુઓ” આવું ____ બોલે છે. (ભીષ્મ, અભિમન્યુ)
2) “ત્રણ સવાલ” પાઠનો પ્રકાર ____ છે. ( ચાતુર્ય કથા, સાહસકથા)
3) ‘ઉષા’ શબ્દનો વિરોધી શબ્દ ____ થાય. ( આશા, નિશા )
4) કવિબાળાએ પહેલા પ્રશ્નના જવાબ માટે ____ મંગાવ્યું. (દૂધ, દહીં)
5) ____ પરાક્રમોની કથા સંભળાવતાં. ( દાદી કુંતી , વસુદેવદાદા)
6) ____ સામે સૈનિકો નિડરતાથી લડે છે. ( આતંકવાદ , આંતકવાદ )

**(બ) જોડકાં જોડો. (2)**

| અ | બ |
|---|---|
| 1) નેવે મૂકવું | a) બાણશૈયા |
| 2) બાણની પથારી | b) મૃત્યુ પામવું |
| 3) સાત દિવસનો સમૂહ | c) ઉપેક્ષા કરવી |
| 4) આંખો મીંચી દેવી | d) સપ્તાહ |

**(સ) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટો તે લખો. (2)**

1) ‘ત્રણ સવાલ’ પાઠમાં અશોક રાજાના દરબારની વાર્તા છે.
2) ‘સુંદર સુંદર’ કવિતાના લેખક ‘મધુરમ’ છે.
3) શ્રીકૃષ્ણએ અર્જુનને ચક્રવ્યૂહ ભેદવાનું જ્ઞાન આપેલું.
4) અભિમન્યુને આખું ચક્રવ્યૂહ ભેદતા આવડતું હતું.

**(ડ) આપેલાં શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (2)**

1) હૈયું     2) સમક્ષ     3) પરીક્ષા     4) સખા

**(ઈ) નીચેનાં વાક્યોમાં ફળોમાં નામ છુપાયેલાં છે તે શોધીને લખો. (1)**

1) પત્ર વાંચી કુમાર ખુશ થયાં.
2) એમને કહ્યું કે વેળાસર પાછાં આવી જજો.

**પ્રશ્ન2 (અ) નીચેનાં વાક્યોમાં રહેલ સંજ્ઞા શબ્દો શોધી તેનો પ્રકાર લખો. (2)**

1) પ્લાસ્ટિક હાનિકારક છે.
2) ગરમીના કારણે તે હારી ગયો.

**(બ) આપેલા પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ લખો. (કોઈ પણ 4) (4)**

1) ધરતી પર શું શું સુંદર દેખાય છે?
2) ભગવાન વિશે કવિના મનમાં કેવો વિચાર આવે છે?
3) કવિબાળાના જવાબ સાંભળ્યા બાદ રાજાએ કોનું કોનું સન્માન કર્યું ?
4) અભિમન્યુએ કયા કયા યોદ્ધાઓનો સામનો કર્યો ?

5) અર્જુનને હરાવવા દુર્યોધનની મદદે કોણ આવ્યું ?

**(સ) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** **(2)**

માછલી સુંદર..............

..............વિશાળ

**(ડ) નીચે આપેલાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.** **(2)**

1) ભગવાન છે કે નહીં છે તો દેખાતા કેમ નથી
2) વાહ રામ સીતા લક્ષ્મણ અને હનુમાનજી લંકાથી પાછા આવી ગયાં

પ્રશ્ન**3**(અ) ત્રણ સવાલ પાઠમાં રાજા 'ભગવાનનું કર્તવ્ય શું?' એવું પૂછે છે. જો તમને આ પ્રશ્નનો જવાબ આપવનો થાય તો તમે શું કહેશો ? તમારા વિચાર સવિસ્તાર લખો. (2)

**(ક) આપેલ ફકરો વાંચી એના આધારે પ્રશ્નોનાં જવાબ લખો.** **(3)**

**રવિશંકર મહારાજ લોકસેવાને વરેલા ગુજરાતના મહાન નેતા હતા. મૂંગા મોઢે સેવા કરવી એ તેમનો જીવનધર્મ હતો. સાચા અર્થમાં તે લોકસેવક હતા. રવિશંકર મહારાજે પોતાનું જીવન દેશસેવા અને લોકસેવાનાં કાર્યોમાં અર્પણ કરી દીધું હતું. રવિશંકર મહારાજ સાદું જીવન જીવતા. તેઓ ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવતા. ટૂંકું ધોતિયું, કેડિયું અને ટોપી એ એમનો પહેરવેશ. ખભે લટકતી થેલીમાં તેઓ બે જોડ કપડાં રાખતા. મોટેભાગે પગે ચાલીને તેઓ ગામેગામ ફરતા અને લોકસેવાનાં કામ કરતાં, રવિશંકર મહારાજ પોતાનાં કાર્યોની કદી જાહેરાત કરતા નહિ. આથી તેઓ 'મૂકસેવક' કહેવાયા. તેમણે સો વર્ષનું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું.**

**પ્રશ્ન** 1) રવિશંકર મહારાજનો વેશ વર્ણવો.

2) રવિશંકર મહારાજ કેટલાં વર્ષ જીવ્યા ?

3) 'જનસેવા' માટે ફકરમાં કયો શબ્દ વપરાયો છે ?